ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૭૧ ટકા

# ગુડાની આવાસ યોજના અન્વયે નિર્માણ કરાયેલી દુકાનો ખંડેર

## છેલ્લા પાંચ વર્ષથી દુકાનો ભાડે આપવા માટે પણ પ્રક્રીયા હાથ ધરાતી નથી : સ્થાનિક રહીશોને પણ સુવિધા મળતી નથી

ગાંધીનગર તા ૧૫

શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત એલ આઇ જી આવાસ યોજનાને અનુલક્ષી નિર્માણ કરાયેલી દુકાનો હજુ પણ ખંડેર હાલતમાં છે. પાંચ વર્ષથી વધુ સમયના અંતે પણ દુકાનો ભાડા પેટે ફાળવવા માટે કોઇ કાર્યવાહી કરાઇ નથી જેના લીધે હવે દુકાનો પણ ખંડરે બની છે. લાખોના ખર્ચે બનાવાયેલી દુકાનોના પૈસા પણ પાણીમાં ગયા છે જયારે આ દુકાનોના આધારે કોઇ લાભાર્થી પણ પગભર થઇ શક્યો નથી. ગુડા દ્વારા આ મામલે હજુ સુધી કોઇ પ્રક્રીયા હાથ ધરાઇ નથી જયારે દુકાન ભાડા પેટે આપવા માટેના નિયમો તેમજ ભાડાના દર મામલે પણ ગુડાના તંત્ર પાસે કોઇ ગાઇડલાઇન ન હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં ગુડા એ પણ વર્ષો સુધી આ મામલે નિષ્ક્રીયતા સેવી હોવાનુ સ્પષ્ટ થઇ રહ્યુ છે. સરકારના લાખો રૂપિયાના આંધણ બાદ પણ સામાન્ય નાગરિક વેપાર ધંધા કરી પેટીયુ રળી શકે તેવી તક આપવામાં પણ તંત્ર નિષ્ક્રીય રહ્યુ છે. ગુડાની રાયસણ આવાસ યોજના અન્વયે નિર્માણ કરાયેલા આવાસોને અનુલક્ષીને દુકાનો બાંધવામાં આવી છે. જેથી રહીશોને ઘર આંગણેથી જ જરૂરી ચીજવસ્તુઓ મળી રહે પરંતુ હજુ સુધી આ દુકાનો ઉપયોગી બની શકી નથી. આવા સંજોગોમાં નવા આવાસોના નિર્માણ સાથે રહીશોને સુવિધાઓ પુરી પાડવા માટે પણ કોઇ આયોજન કરવામાં આવતુ નથી. ગુડાના તંત્ર દ્વારા ત્વરિત દુકાનો ભાડા પેટે ફાળવવા માટે આયોજન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.



શહેરમાં ઠેર ઠેર પડેલા કચરા બાબતે અનેકવાર તંત્રનું ધ્યાન દોર્યુ હોવા છતાં તંત્ર દ્વારા કોઇ નકકર પગલાં લેવાતા નથી અને આ સમસ્યા પ્રત્યે સતત આંખ આડા કાન કરવામાં આવે છે. વીઆઈપી ગણાતા સેકટરોમાં નિયમિત સફાઈ થાય છે પરંતુ અન્ય વિસ્તારો અને સેકટરોમાં સાફસફાઈનો અભાવ જોવા મળે છે. સિવિલ હોસ્પિટલ જેવા વિસ્તારમાં જયાં ત્યાં પડેલો કચરો હવે નવાઈની વાત નથી. સિવિલના પાછળના ભાગે આવેલા પાર્કીંગ વિસ્તારમાં વચ્ચોવચ્ચ પડેલો કચરાંનો ઢગલો સિવિલના નઘરોળ તંત્રની ચાડી ખાય છે.

# ગાંધીનગર સિવિલમાં તબીબોની સંખ્યા અપૂરતી

## તબીબી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં સેવા આપવા નિર્ણય

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૧૦૦થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર ચાલી રહી છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, મહેસાણા, કડી સહિત વિવિધ સ્થળેથી દર્દીઓને સિવિલમાં રીફર કરાય છે ત્યારે બીજી બાજુ સિવિલના કેટલાક તબીબોને અન્ય હોસ્પિટલમાં ટ્રાન્સફર કરાયા છે. પરિણામે દર્દીઓની વધતી સંખ્યા સામે તબીબોની અછત અનુભવાઈ રહી છે. આ સ્થિતિ નિવારવા માટે મેડિકલ કોલેજના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં ફરજ સોંપવાનો નિર્ણય લેવાયો છે. ઓછા તબીબ અને અપૂરતા નર્સિંગ સ્ટાફની સમસ્યાનો સામનો કરી રહેલી ગાંધીનગર સિવિલમાંથી કેટલાક તબીબોને અન્ય જિલ્લાની હોસ્પિટલોમાં ટ્રાન્સફર કરાયા છે. જેના કારણે, દર્દીઓની સારવારમાં અડચણો ઊભી થઈ રહી છે. કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે ત્યારે આ સમસ્યા નિવારવા જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ડીન દ્વારા સોમવારે બેઠકનું આયોજન કરાયું હતું.

ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં મેડિકલ કોલેજના અધ્યાપકો તથા અન્ય સ્ટાફ પાસેથી સૂચનો લેવાયા હતા. બેઠક દરમિયાન રજૂઆત થઈ હતી કે, કેટલાક તબીબો અને સ્ટાફને કોવિડ વોર્ડમાં ફરજ સોંપાયા બાદ તેઓ પોતાની કામગીરી બદલવા માટે દબાણ લાવતા હોય છે. બેઠક દરમિયાન રજૂ થયેલા વિવિધ મુદ્દા પર વિચારણા બાદ ડીને મંગળવારે મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા પ્રી-પેરા અને ક્લિનિકલના દરેક અધ્યાપકને કોવિડ વોર્ડમાં ફરજ બજાવવા સૂચના આપી છે. નર્સિંગ સ્ટાફની ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂકી ડીને ઈન્ટર્નશિપ કરતાં વિદ્યાર્થીઓને પણ કોવિડ વોર્ડમાં ફરજ સોંપવા જણાવ્યું છે. કોવિડ વોર્ડમાં ફરજ ન સોંપાય તે માટે ભલામણો કે દબાણ ન કરવા સ્પષ્ટ સૂચના અપાઈ છે. ફરજમાં ફેરબદલ માટે ડીન કે સુપ્રિન્ટેન્ડન્ટ સાથે કોઈને પણ ચર્ચા ન કરવા જણાવાયું છે. સિવિલ હોસ્પિટલના પાંચથી આઠ માળ સુધી કોરોનાના દર્દીઓને દાખલ કરાયા છે. જેમાં સાતમા અને આઠમા માળના દર્દીઓની સારવાર દરમિયાન ફરજ પરનો સ્ટાફ કોલ ટ્રાન્સફર કરી દેતો હોવાનું ધ્યાને આવ્યુ હતું. જેથી કોવિડ વોર્ડના સ્ટાફ માટે તાલીમ વ્યવસ્થા ગોઠવવા મેડિસિન અને એનેસ્થેશિયા ડીપાર્ટમેન્ટને સૂચના અપાઈ છે.

# યુવરાજસિંહ જાડેજા શિક્ષિત બેરોજગારોના હિતમાં પોતાની લડત ચાલુ રાખશે

ગાંધીનગર, તા.૧૫

બિન સચિવાલય પરીક્ષામાંથી આગેવાન બનેલા અને શિક્ષિત બેરોજગાર આંદોલન સમિતિના સભ્ય યુવરાજસિંહ જાડેજા શિક્ષિત બેરોજગારોના હિતમાં પોતાની લડત ચાલુ રાખશે. બે દિવસ પહેલા યુવરાજસિંહ જાડેજા દ્વારા જાતિ વાતના નામે થઈ રહેલા રાજકારણથી આંદોલનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. જોકે હવે શિક્ષિત બેરોજગાર આંદોલન સમિતિ સાથે રહીને લડત આપવાનો નિર્ણય લીધો છે. સરકારના જ કેટલાક આગેવાનો જાતિવાદનો મુદ્દો ઉછાળવા માંગે છે, જેના કારણે સમસ્યા ઉભી થઈ રહી છે. ઉત્તર ગુજરાતની લોબી રાજકારણ રમી રહી છે. વોટબેંકની રાજનીતિ ન થવી જોઈએ, પ્રશ્ન યુવાનોની રોજગારીનો છે, જાતિવાદનો નિમિત્ત બનાવ નથી માંગતો તેવું કહી યુવરાજસિંહ આંદોલનમાંથી ખસી ગયા હતા. યુવરાજસિંહ સમિતિમાંથી પણ ખસી ગયા હતા.

તો બીજી તરફ, શિક્ષિત બેરોજગાર આંદોલન સમિતિના સભ્ય દિનેશ બાંભણીયાએ યુવરાજસિંહ જાડેજાને પણ સમર્થન જાહેર કર્યુ હતું. અમારી માગ ભરતી પૂર્ણ કરવાની હતી, પરિણામ જાહેર કરવાની માંગ હતી. બેરોજગાર કે ગરીબની કોઈ જાતિ હોતી નથી. કેટલીક જાતિના કહેવાતા આગેવાનો રાજનીતિ રમી રહ્યા છે. યુવાનીની ભરતીના મુદ્દાને જાતિવાદનો રંગ ના આપવો જોઈએ. ૧/૮/૧૮ના પરિપત્રના સમાધાનની વાત હતી, રોજગારી માટે જાતિવાદ વચ્ચે ના લાવવું જોઈએ. કેટલાક લોકો ૧/૮/૧૮ના જીઆરને લઈ રાજનીતિ કરી રહ્યા છે, જે યોગ્ય નથી.

# વાંસજડા ગામે જુગાર રમતા ૯ જુગારી ઝડપાયા

## પોલીસે જુગારીઓ પાસેથી રોકડ, મોબાઈલ, કાર અને બાઈક સહિત કુલ રૂ. ૭,૧૬,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા વાંસજડા ગામે કાચા છાપરામાં જુગાર રમી રહેલા જુગારીઓ પર એલસીબી પોલીસે રેઈડ પાડી ૯ જુગારીઓને પકડી પાડ્યા છે. જુગારીઓ પાસેથી પોલીસે રોકડ રૂ.૭૯,૮૦૦, મોબાઈલ, કાર, તેમજ ૪ બાઈક સહિત કુલ રૂ. ૭,૧૬,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે અનુપસિંહ અને રાજવીરસિંહને ખાનગી રાહે જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે એલસીબી પોલીસે વાંસજડા ગામે કાચા છાપરામાં જુગાર રમી રહેલા ૯ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે



પકડેલા જુગારીઓમાં હરેશ મોતીભાઈ કાપડીયા (ઉં.૫૦, રહે.વણકરવાસ વાંસજડા તા કલોલ), કૌશલ અરવિંદભાઈ પરમાર (ઉં.૨૪ રહે.સુમનપાર્ક સોસાયટી), કૃણાલ વિષ્ણુભાઈ પરમાર(ઉં.૨૭, રહે.૧૭-એ મજુર હાઉસીંગ સોસાયટી), વિજય રમેશભાઈ રાઠોડ (ઉં.૩૧ મજુર હાઉસીંગ સોસાયટી), હાર્દિક ચંદુલાલ બેન્કર (ઉં.૨૪), હર્ષદભાઈ બળદેવભાઈ જાદવ, મીતુલ રમેશબાઈ મકવાણા, રોહિતકુમાર જીવણલાલ સોલંકી અને જીગર બાબુલાલ મહેરીયાનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૭૯૮૦૦ તેમજ રૂ.૫૭ હજારના ૯ મોબાઈલ, રૂ.૪ લાખની ટોયોટા ઈટીયોસ કાર, તેમજ રૂ.૧,૮૦,૦૦૦ ના ચાર બાઈક મળીને કુલ રૂ.૭,૧૬,૮૦૦ નો મુદામાલ કબ્જે કરી તમામ જુગારીઓની જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



વિશ્વભરમાં ચાલતી કોરોનાની મહામારીના લીધે આપણાં દેશમાં ઘણા લોકો તેનો ભોગ બન્યા છે ત્યારે માનનીય ડો. વૈભવ અનીકર **(BHNS, DHM)** કે જે અમદાવાદ મલ્ટી સ્પેશ્યાયાલિટી હોસ્પિટલમાં ફરજ બજાવે છે અને વાવોલ તથા ઈન્દ્રોડા ગામમાં ૫ વર્ષથી સેવા આપે છે ત્યારે આ કોરોનાની મહામારીના લીધે બધા દવાખાના બંધ હતા તો પણ ઈન્દ્રોડા ગામમાં આવેલા દવાખાને પોતાના જીવને જોખમમાં મૂકીને ઈન્દ્રોડાના રહેવાસીઓને તેમણે સેવા આપી હતી. તેમની આ સેવા બદલ ગામના આગેવાનો અશોકજી ઠાકોર, સતિષસિંહ (ભાજપ યુવા મોરચો), મેલાજી, કનુજી, કેસાજી, કિરણ ભાઈ, અજયસિંહ બધા આગેવાનોએ ડોક્ટર વૈભવનું પુષ્પથી સન્માન કર્યું અને તેમને બિરદાવ્યા હતા.

# એસ.આઈ.ઓ. ગુજરાત દ્વારા ઓનલાઈન ઉડાન ચિલ્ડ્રન ફેસ્ટિવલ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સ્ટુડન્ટસ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા (એસ.આઈ.ઓ.) વિદ્યાર્થીઓને અને નવયુવાનોને સમાજના નવ નિર્માણ માટે તૈયાર કરવા કટીબધ્ધ છે ઉપરાંત સંસ્થા દ્વારા બાળકોના શૈક્ષણિક વિકાસની સાથે તેમનામાં વિવિધ કુશળતાઓ અને પ્રતિભાઓનો વિકાસ થાય તે માટે અવારનવાર તકો પુરી પાડવામાં આવે છે. આ હેતુને અનુલક્ષીને એસ.આઈ.ઓ. ગુજરાત દ્વારા ઉડાન-ચિલ્ડ્રન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકોની પ્રતિભાઓ ખીલવવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીને કારણે આ મહોત્સવનું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું છે. જે સંદર્ભે રજીસ્ટ્રેશનની તારીખ ૧૫ થી ૨૬ જુલાઈ, ફેસ્ટિવલની તારીખ ૭ ૮ અને ૯ ઓગષ્ટ અને પરિણામની જાહેરાત ૧૫ ઓગષ્ટ પછી એમ રાખવામાં આવી છે. એસ.આઈ.ઓ ગુજરાત દ્વારા ગુજરાતની દરેક શૈક્ષણિક સંસ્થાઓના હોદ્દેદારો, ટયુશન કલાસીસના શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાલીઓને વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરવા જણાવાયુંછે. ઉપરાંત સંસ્થાના પ્રદેશ સચિવ જાવેદ આલમ કુરૈશી દ્વારા વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે **http://www.yuvasaathi.com/udaan** પર વિઝીટ કરવા જણાવાયું છે.

# લાયોનેસ કલબ દ્વારા જરૂરિયાતમંદોને માસ્ક તથા ફળોનું વિતરણ




ગાંધીનગર, તા.૧૫

લાયોનેસ કલબ દ્વારા સે-૨૩માં રહેતા જરૂરીયાતમંદ બાળકોને બોર્ડ મેમ્બર વીણાબેન વોરાના સહયોગથી સ્ટેશનરી વસ્તુઓ, માસ્ક તથા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લાયોનેસ કલબની બહેનો દ્વારા પેથાપુર સ્થિત અક્ષરતીથી કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા કામદારોને માસ્ક તથા કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્યમાં સંસ્થાના પ્રમુખ મિત્તલ રાણા, સેક્રેટરી સ્વાતિ ગોર, વૈશાલી જોષી, ડીમ્પલ દેસાઈ, લાયોનેસ બહેનો નીનાબેન, વિમળાબેન, ગીતાબેન, જાગૃતિબેન તથા નિમિષાબેનનો પણ સાથ સહકાર રહ્યો હતો.

# મોટી આદરજ પાસે ડીપીમાંથી ત્રણ કોઈલની ચોરી

ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામે ઓએનજીસીના બંધ વેલની ડીપીમાંથી કોપર કોઈલની ચોરી થઈ છે. ઉતર ગુજરાત વીજ કંપની લી.ના નાયબ ઈજનેર અનિલકુમાર ઈશ્વરલાલ પટેલ આ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે મોટી આદરજ ગામની સીમમાં કોલવડા માર્ગ પર ઓએનજીસીનો વેલ આવેલો છે. વેલ બંધ હોવાથી સિકયુરીટી ગાર્ડ પણ મુકવામાં આવ્યો નથી. જેને પગલે વેલ પર લગાવવામાં આવેલી ડીપીમાંથી ૩ કોપર કોઈલ કોઈ નીકાળી ગયુ હતું. ફરીયાદીએ રૂ.૪૨ હજારની ત્રણ કોઈલની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વિદેશી દારૂ સાથે એક યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

હિમતનગર થી ચિલોડા તરફ આવી રહેલી એસટી બસમાં મુસાફર તરીકે બેઠેલા યુવાનના થેલામાંથી પોલીસને વિદેશી દારુ બિયરનો જથ્થો ઝડપાયો છે. બસમાંથી યુવાન નીચે ઉતરીને જઈ રહ્યો હતો તે સમયે પોલીસને શંકાસ્પદ લાગતા તેને ચેક કરતા દારુ બિયર મળી આવતા પોલીસે યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસનો સ્ટાફ મંગળવારના રોજ સાંજના સુમારે ચંદ્રાલા પાસે વાહન ચેકીંગ કરી રહ્યો હતો તે સમયે હિંમતનગર તરફતી આવેલી એસટી બસમાંથી એક ઈસમ નીચે ઉતર્યો હતો. પોલીસે શંકાને પગલે ઈસમ પાસે રહેલો થેલો ચેક કરતા અંદરથી દારુનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા બોટલાદના લાઠીદડ ગામનો ૨૩ વર્ષિય યુવક પ્રદિપ નટવરભાઈ ભુંગાણી હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ગણતરી કરતા થેલામાંથી રૂ.૨૮૫૫ ની નાની મોટી દારુની ૧૨ બોટલ તેમજ રૂ.૩૪૧૦ ના ૫ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારુ બિયરનો જથ્થો કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગુજરાત પ્રવાસન નિગમ લિ. કર્મચારી મંડળમાં બિનહરીફ નવા હોદ્દદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે બિનહરીફ નવા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે રણછોડભાઈ દેસાઈ, કાર્યકારી પ્રમુખ જી.એમ.ગુર્જર, ઉપપ્રમુખ જે.જે. પટેલ તથા મહામંત્રી તરીકે એન.એ. રાઠોડ ચુંટાયા છે.

# જયોતિ મહિલા મંડળ અને રાધાકૃષ્ણ મંડળ દ્વારા જરૂરીયાતમંદોને રેશનકીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

કોરોનાની મહામારીને પગલે આર્થિક મંદીમાં સપડાતા શ્રમજીવી જરૂરિયાતમંદોને જયોતિ મહિલા મંડળ અને રાધાકૃષ્ણ મંડળ દ્વારા રેશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બીપીએલ કાર્ડ ન હોય તેવા પરિવારોને ઘઉં, તેલ, ખાંડ, મસાલા તેમજ અન્ય જીવનજરુરી વસ્તુઓનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, ઉપપ્રમુખ પુષ્પનાબેન મહેતા તથા સુમિત્રાબેન પટેલ સાથે અન્ય સભ્યોનું યોગદાન રહ્યું હતું.

# ગાંધીનગર જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## શહેરમાં થતાં માર્ગ અકસ્માતોનું નિરીક્ષણ અને પરિક્ષણ કરવું ખૂબ જ જરૂરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની આજરોજ બેઠક રોડ સેફટી ઓથોરીટી, ગુજરાતના કમિશનર લલિત પાડલિયા અને જિલ્લા કલેકટર કુલદીપ આર્યની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ બેઠકમાં રોડ સેફટી ઓથોરીટી, ગુજરાતના કમિશનર લલિત પાડલિયાએ ગાંધીનગર સહિત તમામ શહેર અને શહેરની બહારના, નેશનલ અને રાજય કક્ષાના હાઈવે પર તેમજ અન્ય રસ્તા ઉપરના બ્લેક સ્પોટ શોધવા માટે ભાર મુક્યો હતો. તેમણે આવા બ્લેક સ્પોટ નક્કી કરી તે અકસ્માત નિવારણ માટેના ઉપાયો શોધવા પણ ભાર પૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત નેશનલ તેમજ સ્ટેટ હાઈવે પર આવતા એપ્રોચ જંકશન પર જયાં અકસ્માત સંભવ છે. તે જગ્યા પર જરૂરી સાઈનબોર્ડ કે સ્પીડબ્રેકરની વ્યવસ્થા બાબતે પણ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતુ કે, ગાંધીનગર શહેરમાં થતાં માર્ગ અકસ્માતોનું નિરીક્ષણ અને પરિક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. જયાં અવાર નવાર નાના–મોટા અકસ્માતની ઘટના બને તે માટેના કારણોનું નિરીક્ષણ કરવાની વાત પર તેમણે ભાર મુક્યો હતો. તેમજ ઈજાગ્રસ્તોને ઝડપી સારવાર મળી રહે તે માટેની લોકજાગૃતિ લાવવાની પણ જરૂરી છે. તેમણે માર્ગ પર રબર પેડ, સ્ટ્રીપ, સ્પીડ બ્રેકર, રોડ સાઈનેઝીસ વગેરે મુકવા અને જયાં અકસ્માત થવાની શક્યતા વધુ રહેલી છે કે વખતોવખત અકસ્માત થાય છે, તેવી જગ્યા પર આ બાબતે વધુ ધ્યાન આપવા પણ સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. તેમણે સ્કુલના બાળકોને લાવવા લઈ જવાના પરિવહન માર્ગની સલામતી સુનિશ્ચિત કરવા તથા વાહન ચાલકોને વાહન ચલાવવામાં અડચણરૂપ થાય તેવા હોર્ડિંગ્સ અને અન્ય ઓબ્સ્ટકેલ દૂર કરવાની વાત પણ સંબંધિત અધિકારીઓને ધ્યાને મુકી હતી.

આ બેઠકમાં પદયાત્રીઓના અકસ્માત ઘટાડવા બાબત, પ્રાણઘાતક અકસ્માતમાં સંડોવાયેલા વાહન ચાલકોના લાયસન્સ જમા કરવા બાબત, જાહેર સ્થળો પરના નો પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ થવા બાબત, ડ્રન્ક ડ્રાઈવીંગ, ઓવર સ્પીડીંગ, રેડ લાઈટ, જમ્પીંગ, હેલ્મેટ, સીટબેલ્ટ, ચાલુ વાહને મોબાઈલ ફોનના ઉપયોગ, રીફલેકટીવ, રેડિયમ સ્ટ્રીપ, રીફલેકટર્સની જોગવાઈઓની કડક અમલવારી કરવા બાબત, માર્ગ પરના અને ફૂટપાથ પરના દબાણ દૂર કરવા, જિલ્લામાં ચાલતા રોડના કામોનું નિરીક્ષણ આઈઆરસી સીઓડી મુજબ **Word traffic management plan** મુજબ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ સિસ્ટમ રોડ સેફટી ઓથોરીટી દ્વારા બનાવવામાં આવેલા છે, તે મુજબ સ્થળ તપાસણી કરવા બાબત, સ્ટેટ હાઈવે, જિલ્લા માર્ગો પર અન્ય માર્ગો પર અનઅધિકૃત ગેપ ઈન મિડિયન દૂર કરવા બાબત, રોડ સેફટી એન્જીનિયરીંગ લગતી બાબતો, માર્ગ સલામતી જાગૃતિ લાવવાના કાર્યક્રમો જેવી બાબતો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમજ મુખ્ય રસ્તાઓ પર આવતાં વૃક્ષો, થાંભલાઓ અને અનઅધિકૃત દબાણો દૂર કરવા તેમજ **HAZARADS** માર્કર લગાવવા બાબત પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. નાયી હિરાબેન રમણલાલ, ઉ.વ. ૭૮, સે-૨૪
- સ્વ. રાકેશકુમાર બી. ચૌહાણ, ઉ.વ. ૫૯, સે-૨૮